દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

સોમવાર ૨ માર્ચ, ૨૦૨૬

# ખુમૈનીના વારસદાર બન્યા પછી ખામેનેઈએ આખુ જીવન ઈરાન માટે વિતાવી દીધું

ઈરાનના રઝા શાહ પહલવી તહેરાનમાં સીઆઈએના એજન્ટ કર્મિટ રુઝવેલ્ટની મહેરબાનીથી ઈરાનની ગાદી પર બેઠા હતા. પહલવીના પિતાએ વર્ષ 1925માં એક વિદ્રોહ પછી સત્તા આંચકી લીધી હતી. પરંતુ બીજા વિશ્વયુદ્ધ દરમિયાન તેઓ નાઝી જર્મની તરફ ખુલ્લેઆમ ઝુકવા લાગ્યા, ત્યારે બ્રિટન અને સોવિયેત સંઘે તેમને સત્તા પરથી હટાવી દીધા હતા. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ઈરાન પર મિત્રદેશોનું નિયંત્રણ હતું. તેમણે હિટલર વિરુદ્ધ યુદ્ધમાં ઈરાનની ઓઇલ સંપત્તિનો ઉપયોગ કર્યો હતો. યુવાન પહલવીને તેમના પિતાની ગાદી આપવામાં આવી જેથી દુનિયાને દેખાડી શકાય કે ઈરાન એક સ્વતંત્ર દેશ છે. સ્વિટ્ઝરલેન્ડમાં શિક્ષિત રઝા શાહ પહલવી એક અમીર પ્લેબોય તરીકે પોતાનો સમય વીતાવતા હતા. તેમને સત્તા આપવાનું મુખ્ય કારણ એ હતું કે પશ્ચિમી દેશોને ઈરાનનું તેલ મેળવવાની લાલચ હતી. નામ માત્રના સત્તાધીશ હોવા છતાં શાહે પ્રસ્તાવ મૂક્યો કે તેલના વેચાણમાંથી મળતો અડધો નફો ઈરાન પોતાની પાસે રાખશે જેથી તેમનો દેશ સમૃદ્ધ બની શકે અને સંભવિત રાજકીય આંદોલનો માટે વાતાવરણ ન સર્જાય. પરંતુ શક્તિશાળી એંગ્લો-ઇરાની ઓઇલ કંપનીએ આ પ્રસ્તાવ નકારી કાઢ્યો.

ત્યાર બાદ ઈરાનના નારાજ લોકો એક લોકપ્રિય નેતા મોહમ્મદ મોસદ્દેકને ટેકો આપવા લાગ્યા. મોસદ્દેક એ પરિવારથી આવતા હતા જેમણે પહલવી પરિવાર સત્તા પર આવ્યો તેનાથી લગભગ 200 વર્ષ અગાઉ ઈરાન પર શાસન કર્યું હતું.

સીઆઈએના એજન્ટ રુઝવેલ્ટે મોસદ્દેક વિરુદ્ધ ઈરાનના પ્રેસમાં ખોટા અહેવાલો છપાવ્યા અને રસ્તા પર પ્રદર્શનો આયોજિત કર્યાં. તેના આધારે સૈન્ય અધિકારીઓએ દેશદ્રોહના ખોટા આરોપો હેઠળ મોસદ્દેકની ધરપકડ કરી. ત્રણ વર્ષ સુધી જેલમાં રાખ્યા પછી તેમને તેમના ઘરમાં નજરબંધ કરવામાં આવ્યા જ્યાં 1967માં તેમનું મૃત્યુ થયું. સેનાના વિદ્રોહ પછી શાહ પોતાનાં પત્ની સાથે ભાગીને રોમ જતાં રહ્યાં. બધું સામાન્ય થયું ત્યારે શાહે પરત આવીને રાજગાદી સંભાળી હતી. ખુમૈની જ્યારે તહેરાન પહોંચ્યા ત્યારે તેમનું સ્વાગત કરવા માટે લાખો લોકો એરપોર્ટ પર હાજર હતા. ઈરાન રાજાશાહીની જગ્યાએ હવે ઇસ્લામી રિપબ્લિક બની ગયું હતું.

ખુમૈનીને સુપ્રીમ લીડરનો હોદ્દો આપવામાં આવ્યો અને તેમણે ઇસ્લામી નિયમો પ્રમાણે ઈરાનમાં શાસન શરૂ કરી દીધું.

ખુમૈનીએ અમેરિકાને 'મોટો શેતાન' ગણાવીને તેની ટીકા કરી અને ઇઝરાયલને પેલેસ્ટાઇનની ભૂમિ પર ગેરકાયદે કબજે કરનાર ગણાવ્યો. ખુમૈનીએ સુપ્રીમ લીડર તરીકે કાર્યભાર સંભાળ્યાના કેટલાક દિવસોમાં જ તેમના વિદ્યાર્થી ટેકેદારોએ તહેરાનમાં અમેરિકન દૂતાવાસ પર કબ્જો કરીને 66 અમેરિકનોને બંધક બનાવી લીધા હતા. તેમણે માંગણી કરી કે અમેરિકામાં કેન્સરની સારવાર કરાવતા શાહને ઈરાન મોકલવામાં આવે જેથી તેમને તેમના 'ગુનાઓની સજા' આપી શકાય. અમેરિકા અને ઇઝરાયલની દુશ્મની એ ઈરાનની વિદેશનીતિનો એક મહત્ત્વનો હિસ્સો બની ગઈ. 1979ની ઇસ્લામિક ક્રાંતિને હજુ થોડો સમય થયો હતો ત્યાં સદ્દામ હુસેનના નેતૃત્વ હેઠળ ઇરાકે ઈરાન પર હુમલો કરી દીધો.

આ યુદ્ધ લગભગ નવ વર્ષ ચાલ્યું. થોડા જ સમયમાં ખુમૈની પ્રત્યે લોકોનો મોહભંગ થઈ ગયો. ખુમૈનીની ઉંમર વધવાની સાથે તેમના વારસદારના નામની વિચારણા થવા લાગી. ખુમૈનીએ આના માટે ઇસ્લામિક ક્રાંતિના એક મોટા સમર્થક અને પોતાના અનુયાયી આયાતુલ્લાહ મોહમ્મદ મોંતઝરીનું નામ પસંદ કર્યું. ખુમૈનીને તેમના ધાર્મિક જ્ઞાન વિશે બહુ ઊંચો અભિપ્રાય હતો, પરંતુ દેશના સંરક્ષક તરીકે તેમની યોગ્યતા પર તેમને સંદેહ થવા લાગ્યો. માર્ચ, 1989માં ખુમૈનીએ મોંતઝરીને અનેક પાનાનો લાંબો પત્ર લખ્યો જેમાં તેમના પર આરોપ લગાવ્યો કે તેઓ ઈરાનના લોકોને ઉદારવાદીઓના હાથમાં સોંપી રહ્યા છે. મોંતઝરીએ આ લાંબા પત્રનો જવાબ પાંચ લીટીમાં આપીને જાહેરાત કરી કે તેઓ ખુમૈનીના ઉત્તરાધિકારીની દોડમાંથી બહાર નીકળી રહ્યા છે. તેઓ અગાઉ પણ આ પદ મેળવવાના ઇચ્છુક ન હતા. ત્યાર પછી ખુમૈનીએ પોતાના વારસદાર તરીકે તત્કાલીન રાષ્ટ્રપતિ અલી ખામેનેઈને પસંદ કર્યા. ઈરાનની ધાર્મિક સત્તાના મામલે ખામેનેઈનો હોદ્દો બહુ જુનિયર જેવો હતો. તેઓ એટલો અનુભવ પણ ધરાવતા ન હતા કે ટોચના ધાર્મિક પદ માટે લાયક ગણવામાં આવે.પોતાની નાદુરસ્ત તબિયતને ધ્યાનમાં રાખીને ખુમૈનીએ સંસદની ખાસ બેઠક બોલાવી જેમાં બંધારણમાં સુધારો કરાયો. જેથી ખામેનેઈને ખુમૈનીના વારસદાર બનાવવાનો રસ્તો સાફ થયો. જોકે, તેનાથી પહેલાં જ ખુમૈનીએ નિશ્ચિત કરી દીધું કે તેમના મોત પછી પણ ઈરાન પોતાનો અણુ કાર્યક્રમ ચાલુ રાખશે અને પશ્ચિમ સાથે તેની ટકરાવની નીતિ પણ ચાલુ રહેશે.

# હાસ્યનિબંધોનો તાજગીસભર ફાલ


અક્ષરની આરાધના
સંપાદનઃ નરેશ શુક્લ

રમણ સોનીનું નામ સાહિત્યજગતમાં જાણીતું છે. પ્રત્યક્ષ નામે સમીક્ષાનું સામયિક આજેય નોંધપાત્ર ગણાય, એના સંપાદક, કોશકાર, વિવેચક, ઉમદા અધ્યાપક, સંપાદક અને આ કોલમ 'અક્ષરની આરાધના'ના મારા પૂર્વજ પણ. એમનો પરિચય તો ત્રણેક દાયકાનો, હસમુખા પણ સદૈવ ગંભીર વિવેચન અને સંપાદન તેમ જ ચીવટવાળા, જોડણીસજાગ વ્યક્તિઓમાં એ મોખરે બેસે એટલે એમનો એક સાત્ત્વિક ભય પણ ખરો. એમની સૂક્ષ્મ હાસ્યવૃત્તિ રૂબરુમાં અને વ્યાખ્યાનોમાં અવારનવાર અનુભવવા મળી હતી પણ એમના હાસ્યનિબંધોમાં એ જે રીતે ખીલ્યા છે એ આપણને નવી રીતે રસ લેવા પ્રેરે એમ છે. આમ પણ ગુજરાતી સાહિત્યમાં હાસ્યલેખકોનો અભાવ છે, છાપાંઓમાં કેટલાંક હાસ્યલેખકો નિયમિત જગ્યાપૂર્તિ કરતા રહે છે પણ જેને ખરા અર્થમાં હાસ્યલેખક કહી શકાય અને સહજ હાસ્યવૃત્તિથી લખનારાં બહુ ઓછાં જ રહ્યાં છે. રમણ સોનીએ એ રીતે ખરેખર આંચકો આપ્યો ગણાય. એ પોતે લખે છે- 'હું કંઈ હાસ્ય-વિનોદનો રજિસ્ટર્ડ લેખક નહીં એટલે મારી આવી ચેષ્ટાઓથી વાચકોને અચરજ થાય, એમને બંને પ્રકારે હસવું આવે, એ સ્વાભાવિક છે. પણ છેલ્લાં દસ વરસમાં મેં વીસ જ નિબંધો લખ્યા છે એ તો ક્ષમ્ય ગણાશે જ, એમ માનું છું. આટલું ઓછું લખનારને હાસ્ય-વિનોદ-ક્ષેત્રે દાવો કરનાર તરીકે કોઈ ન સ્વીકારે તો એનું મને આશ્ચર્ય નથી, બલકે રાહત છે.' (નેપથ્યેથી નિવેદન)

મેં ગંભીર બનીને આ નિબંધોમાં પ્રવેશ કર્યો પણ થોડા જ સમયમાં લેખકે કબજો લઈ લીધો, મોટા ભાગે મર્માળું હાસ્ય મને લ્હેરાવતું રહ્યું. વચ્ચે વચ્ચે ખડખડાટ હસી પડાયું. રોજિંદા જીવનની ઘટનાઓને, આપણી આસપાસના પરિવેશને, પાત્રોને એમણે પોતાની નજરે જે રીતે જોયાં છે, મૂક્યાં છે એ આ નિબંધોને નોખા બનાવે છે. એમની ભાષા બહુ જ ઘડાયેલી છે એ તો સ્વાભાવિક જ છે, પણ એ જ ભાષાના કાકુઓનો, શ્લેષ અને ઉપાલંભનો જે રીતે ઉપયોગ કરી જાણે છે, વ્યંજનાના સ્તરે પ્રગટતું હાસ્ય સ્વાભાવિક જ બૌદ્ધિકોને, વાચકોને પહોંચી જાય છે અને એ કારણે ચિત્તમાં જે દશ્યો રચાય છે તે આ નિબંધોને મજાના બનાવે છે. એ પોતે વિવેચક હોવાથી પોતાની આ પ્રક્રિયાને પણ તાટસ્થ્ય સાથે નોંધે છે- 'મને વિનોદમાં, નર્મ-મર્મના લેખનમાં રસ કેવી રીતે પડેલો. મારો મૂળ રસ ભાષાની તિર્યક્તાના વૈભવને ખોળવા ને નિરૂપવામાં રહેલો છે. ગદ્યની એવી એક વિલક્ષણ સર્જકતા મને આકર્ષતી હોય છે એટલે વિનોદક્ષમ પ્રસંગોને તેમ જ માનવમનની લાક્ષણિકતાઓને વર્ણન-કથન-સંવાદના રૂપે આલેખતી વખતે પણ શબ્દની ને વાક્યવિન્યાસની નર્મ-મર્મ-શક્તિ અનાયાસ જ પ્રગટતી જોવામાં મને આનંદ મળે છે.- ક્યારેક તો, મને જ આશ્ચર્યમાં નાખનારો આનંદ મને મળે છે.'

**આ ગ્રંથમાં કુલ વીસ નિબંધો સમાવ્યા છે. સ્વાભાવિક જ આ નિબંધોમાં એક સભાન એવા પંડિત અને સહજ સરળ છતાં વિલક્ષણ એવા લેખકનું વ્યક્તિત્વ પણ ઉભરતું રહે છે. પોતાના પર હસવું - એ બહુ અઘરી પણ હાસ્યલેખકોની વિરલ લાક્ષણિકતા હોય છે. અહીં મોટા ભાગના નિબંધોમાં એવું - પોતની મર્યાદાઓને પ્રગટાવતું હાસ્ય અને સમાન્તરે ચરિત્ર ઉપસતું જાય છે**

આ ગ્રંથમાં કુલ વીસ નિબંધો સમાવ્યા છે. સ્વાભાવિક જ આ નિબંધોમાં એક સભાન એવા પંડિત અને સહજ સરળ છતાં વિલક્ષણ એવા લેખકનું વ્યક્તિત્વ પણ ઉભરતું રહે છે. પોતાના પર હસવું - એ બહુ અઘરી પણ હાસ્યલેખકોની વિરલ લાક્ષણિકતા હોય છે. અહીં મોટા ભાગના નિબંધોમાં એવું - પોતની મર્યાદાઓને પ્રગટાવતું હાસ્ય અને સમાન્તરે ચરિત્ર ઉપસતું જાય છે. એમાં મધુર દાંપત્ય છે, એમાં મધુર એવું કુટુંબ પ્રગટે છે અને એ જ રીતે આસપાસનું વાતાવરણ, લખણ-અપલખણ અને લેખકનાં વ્યંગ્યભર્યાં નિરીક્ષણો મજેથી ઉપસી આવ્યાં છે. 'આસનોમાં હું શવાસન છું'ની જ વાત કરું તો શરીરને સ્વસ્થ રાખવા માટે આપણે ભારતીયો સદીઓથી વિવિધ ધ્યાન-યોગ અને આસનોનો આશ્રય લેતાં આવ્યાં છીએ, એ જ આસનો લેખક માટે કેવી ઉપાધિ સર્જે છે એનું આલેખન અને એ માટે જે તર્કનો આશ્રય લેવામાં આવ્યો છે એ આપણને મલકાવતાં જ નથી, ઘણી જગ્યાએ ખડખડાટ હાસ્યમાં ગરકાવ પણ કરે છે. એ જ રીતે મોબાઈલ ફોન, સોશ્યલ મીડિયાને કારણે 'હેપ્પી બર્થ ડે'નું જે કમઠાણ સર્જાઈ રહ્યું છે તે ચિત્ત ઉપર અસર જન્માવે છે. 'જે ચીજ તૈયાર હશે તે મળશે'માં આ સૂત્ર લખેલ લોજ-હોટેલનાં દશ્યોનો એમણે પોતાની ઈચ્છા-શક્તિને આલેખી છે તે મોટા ભાગનાને પોતાની હોવાની લાગણી જન્માવે એવી મજાની છે. 'કાકાના સોફા'- દિલ્હીના જાણીતા બઝારમાં ભરાઈ જતાં અનેક ગ્રાહકોની કથા રૂપકડું રૂપ ધરીને આપણી સામે આવે ત્યારે આપણે મજાનો અનુભવ લઈએ છીએ. ગંભીર




વિષય લઈને જીવનનાં આ તબક્કે આવતાં વિચારોને હાસ્યનિબંધનું રૂપ મળ્યું છે 'બેસણાનો ફોટો'માં. ફોટોમીમાંસા આપણાં ચિત્તમાં જે રીતે વિચારવમળ જન્માવે છે એ ક્યારેક આકરું લાગે, ક્યારેક હસાવે તો સમાન્તરે માનવજાત કેવી કેવી વ્યવસ્થાઓમાં, વિચારોમાં અને રીતિ-રિવાજોમાં અટવાઈને મથતી હોય છે એનું ચરિત્રણ મળે છે. સમાન્તરે પત્નીને આર્યપુત્રીનું સંબોધન અનેકરૂપે આપણી સામે આવે છે ત્યારે બંને વચ્ચેની કેમેસ્ટ્રી જે રીતે ગરવા દાંપત્યને તો પ્રગટાવે જ, બંનેની સમજ અને બંનેની હાસ્યવૃત્તિને પણ ઉપસાવી આપે છે. ચા બનાવવી, લસણ ફોલવા જેવી સહ-ઉપયોગી મદદોનું કોઈ મૂલ્ય ન હોવાનું ને નોન-પ્રોડક્ટિવ કામોનું આલેખન એમના નિબંધોમાં સરસ રીતે આલેખાયું છે. એ બધામાં અસફળ કે અર્ધસફળ રહેતાં લેખક જે રીતે ઝૂકેલા ખભે હિંચકે જઈને મન-સમાધાન મેળવે એ આખીએ પ્રક્રિયા અનેક નરપુંગવોનું પ્રતિનિધિત્વ કરે છે.

'શ્વાનભય' કૂતરાનો ડર તો બધાને હોય પણ આવો અનોખો નહીં, હાડકાના ડોક્ટર સાથેનો કુટુંબ- નાતો આપણને ખડખડાટ હસાવે. સામાન્ય રીતે ફેમિલી ફિઝિશિયન હોય, આમને ફેમિલી હાડકાના ડોક્ટર છે ! અને વર્ષ દરમિયાન નિયમિત રીતે એક બે વિઝિટ તો આવે જ ! - આ સ્થિતિ આપણને હળવી રીતે મજા કરાવે છે. લેખકનો ગળ્યા-પ્રેમ અદ્ભુત રીતે ઝીલાય છે, અનેક નિબંધોમાં એના સંદર્ભો આવ્યા છે, એક આખો નિબંધ જ 'શીરો, લાપસી અને વળી કંસાર'- લખાયો છે. 'ઘીનું માહાત્મ્ય', 'નકશાની કથા', સુભાષિતોના સાવ અજાયબ અર્થો કે અનર્થો, ત્યાગભાવના, ચા અને દૂધના ઉભરા વિશે- જેવા વિષયો પર એમના નિબંધો નિર્દંશ હાસ્ય જન્માવે છે. એમની ભાષાનો ખાસ અભ્યાસ કરવા જેવો છે. એમની સેન્સ ઓફ હ્યુમર આપણને બધા જ નિબંધોના વિશેષરૂપે પ્રગટે છે. તો 'ખુરશી ઉપર ત્રણ વ્યાખ્યાનો'માં ખાસ જોઈ શકાય. લેખક જીવનભર અધ્યાપન સાથે સંકળાયેલા રહ્યા છે. અનેક સેમિનાર અને સભાઓમાં બોલવા જવાનું તો થાય એ સ્વાભાવિક જ છે. એ જ રીતે શ્રોતા તરીકે પણ સામેલ થવાનું પણ બને જ. શ્રોતા એવા આ લેખકનું ચિત્ત સ્હેજ ઊંચી ખુરશીને લઈને કેવું ઘૂમરાય છે એ વાંચીએ ત્યારે માત્ર એમની સ્થિતિ જ નહીં, આપણે અનુભવેલ અનેક આવી સભાઓ, આવા વક્તાઓનાં વક્તવ્યોની સ્થિતિ ઉપસી આવે છે. આવા નિબંધો આપણને સાવ નવી રીતે વિચારતા કરવા માટે પ્રેરે છે. આવા નિબંધો માત્ર હાસ્યવૃત્તિને જ પોષતા નથી, જીવનદષ્ટિના વ્યાપ માટેય ઉપયોગી થાય છે. કટાક્ષનો રચનાત્મક ઉપયોગ કઈ રીતે કરી શકાય, કઈ રીતે જીવનને વધારે હળવું અને અર્થપૂર્ણ બનાવી શકાય એ પણ શીખવા મળે એમ છે. આપણે ત્યાં હાસ્ય ઓછું લખાય છે, એમાંય ગુણવત્તાવાળું તો બહુ જ ઓછું લખાય છે, બાકીનું હાસ્ય દ્વિઅર્થી, ક્યારેક જાડું અને ક્રિયાત્મક જાડાઈ સુધી જ સીમિત રહેતું હોય છે એના મુકાબલે બુદ્ધિજન્ય, અનુભવજન્ય અને વ્યંજનાની કક્ષાએ વિસ્તરતું હાસ્ય સેવન કરવામાં આવે તે જરૂરી છે. ચિત્તને એક વિશેષ પ્રકારનો અનુભવ આવા નિબંધોમાં થતો હોય છે. આ લેખમાં એમના નિબંધોનાં અવતરણો આપીને પ્રત્યક્ષ અનુભવ કરાવી શકાયો હોત પણ સ્થળસંકોચે એ લોભ જતો કરીને આ નિબંધો વિશે આપણાં સુપ્રસિદ્ધ હાસ્યલેખક રતિલાલ બોરીસાગરે જે કહ્યું છે તે લખું છું- 'કવિતા, વાર્તા, એકાંકી, લલિત નિબંધ વગેરેમાં સામગ્રી કરતાં સ્વરૂપના સૌંદર્યનું વિશેષ મહત્ત્વ છે- ટૂંકમાં, 'કન્ટેન્ટ' કરતાં અહીં 'ફૉર્મ'નો મહિમા વિશેષ હોય છે. હાસ્યનિબંધમાં એમ નથી. હાસ્યનિબંધમાં 'કન્ટેટ' અને 'ફૉર્મ'નું સરખું મહત્ત્વ છે- એટલે સામગ્રી (હાસ્ય) અને નિબંધનું સ્વરૂપ(ફૉર્મ) - બંને બરાબર જળવાવાં જોઈએ. હાસ્યનિબંધમાં હાસ્યનું સતત નિર્વહણ થતું રહેવું જોઈએ. આમ ન થાય તો હાસ્યનિબંધ શુષ્ક બની જાય- નિષ્પ્રાણ બની જાય. રમણભાઈના નિબંધો આ કસોટીએ પાર ઊતરે એવા છે.અહીં હાસ્ય અને નિબંધની બંને પલ્લાંની સમતુલા જળવાઈ છે. આ ઘણી મોટી વાત છે ને એની સાનંદ નોંધ લેવી ઘટે. (પ્રસ્તાવના-પૃ.4)


આ નિબંધો વાંચવા જેવા છે, હું એનું સ્વાગત કરું છું.

(અમારે તો આળસ એ જ આનંદ (હાસ્યનિબંધો) રમણ સોની, પ્ર.આ. 2025, પ્રકા. ઝેન ઓપસ, હિંગળાજ માતા કમ્પાઉન્ડ, જૂની હાઈકોર્ટ મેટ્રો સ્ટેશન પાસે, નવરંગપુરા પોલીસ સ્ટેશન લાઈન, અમદાવાદ- 380009, કુલ પાનાં- 114, કિં. 200.00 કાચું પૂંઠું, ક્રાઉન)

# ઉછીનું લઈને કેટલું ટકાશે? - જાગૃત વિવેચકની ટકોર

કિશોર વ્યાસ તેજસ્વી સમીક્ષક, સૂચિકાર, સંપાદક અને સમૃદ્ધ એવા અધ્યાપક તરીકે જાણીતા છે. વિવેચન સમીક્ષાના ક્ષેત્રમાં ગંભીરતાથી ઝીણું કાંતનાર કિશોર વ્યાસ નિયમિત રીતે અભ્યાસ કરતાં રહેલા, આગવી મુદ્રા ઉપસે એવો અવાજ બનીને સક્રિય છે. જુઓ એમની કેફિયતરૂપ લેખમાંથી એમનું ઊંચું નિશાન પ્રગટી આવે છે એ - 'વિવેચન જેવી મોટી સંજ્ઞા સાથે કામ પાર પાડવા માટે લોહીપાણી એક કર્યાં છે. માથાં ફોડ્યાં છે ને એક શબ્દની ભૂલ માટે ઉજાગરા પણ કર્યા છે. વિવેચનમાં કામ કરનારા તો નર્મદ, નવલરામથી માંડીને ચંદ્રકાન્ત ટોપીવાળા, શિરીષ પંચાલની ટેક રાખીએ કે પૂર્વ-પશ્ચિમની વિવેચન-પરંપરાને આંખ માથા પર રાખીએ. સતત બદલાતા વિવેચનપ્રવાહોનું રટણ કર્યા કરીએ ત્યારે સમજાયું છે કે આપણે તો કશુંય એવું નોંધપાત્ર કરી શક્યા નથી પછી શાને રે'વું ગુમાનમાં? એક વાત હંમેશાં સામે રહી છે કે અંદરની સૂઝ વિના વિવેચન ક્યારેય સફળ થતું નથી. વિવેચક સર્જક છે એ વિધાન કદાચ એ અર્થમાં જ કહેવાયું હશે કે પૂર્વે કહી ગયેલા વિવેચકોથી કશુંક જૂદું તારે કહેવું હોય તો ભાઈ, તારી દૃષ્ટિ જ તને ખપમાં આવવાની. આંતરિક શ્રી ઓછી પડતી હોય તો સાહસ કરીશ મા. ઉછીનું લઈને કેટલું ટકાશે? ભલે ને અભ્યાસથી ઘડતર થયું હોય તોય કોઈ પરિભાષાને સમજવાથી લઈને ચોખ્ખી કરવા સુધી કે કોઈ અભ્યાસને માટે પોતીકી મેથોડોલૉજી પ્રગટાવવી જ પડે. આમ જો ન થયું તો કહ્યું કથે કે શાનો કવિ?'(પૃ. 186) એમ કહેતા કિશોરભાઈ બહુ ગંભીર રીતે સાહિત્ય અભ્યાસ રજૂ કરતા રહ્યા છે.

તાત્પર્ય-માં ત્રણ ખંડમાં કુલ ચૌદ અભ્યાસલેખો સમાવવામાં આવ્યા છે. પહેલા ખંડનું નામ 'વિવેચન-અભ્યાસ' નામનો છે. એમાં આપણા વિદ્વાન વિવેચક રમણ સોનીની વિવેચનાને વિગતે તપાસી છે. રમણ સોનીની વિવેચનદષ્ટિમાં રહેલાં તાટસ્થ્ય અને નિર્ભીકતાને ઉદાહરણો સાથે ઉપસાવી આપી છે. વિવેચકની સજ્જતા એમની ભાષાની માર્મિક તરાહોમાં જોઈ છે. રમણ સોનીના વિવેચનમાંથી પ્રગટતી વિવેચનની વિભાવના કિશોર વ્યાસે અલગ તારવી આપી છે. એ શ્રી સોનીના વિવેચનમાં પ્રગટતી શ્રદ્ધા, પ્રવાહનું એ જ સમયમાં વિવેચન થવું જ જોઈએનો આગ્રહ પણ જોઈ શકાય છે. વિવેચન કેવું હોવું જોઈએ? વિવેચન શા કારણે છે? જેવા પ્રશ્નો સામે રાખીને ર.સો. દ્વારા મળતા જવાબોને એમણે તારવી આપ્યા છે. એ જ રીતે રમણ સોનીએ વિવેચન-અભ્યાસલેખો, લેખકો ઉપરના અભ્યાસો કર્યા છે તેના વિશે અલગ ખંડમાં તપાસ આદરી છે. એમાં વિવેચકે કરેલાં ગહન અભ્યાસોની લાક્ષણિકતાઓ અલગ તારવી આપી. એ સાથે જે તે સર્જકોની મર્યાદાઓને શબ્દ ચોર્યા વિના મૂકી આપતાં રહ્યા છે. કવિતાઓનો અભ્યાસ અને એમાં વિવેચકે દાખવેલી સૂક્ષ્મ દષ્ટિ, રસસ્થાનોની ખીલવણી અને ભાવકને ચીંધતી અજાણી બાબતોની રીતે કેવા અસરકારક વિવેચક બની રહે છે તે એમના આ લેખમાં ઉભરી આવે છે. સિદ્ધાંત વિવેચનો, સંશોધનો, ગ્રંથાવલોકનો જેવા વિભાગમાં વહેંચીને રમણ સોનીની વિવેચક તરીકેની મુદ્રા અસરકારક રીતે ઉપસાવી આપી છે.




કમનસીબે આજના સમયે જેની સૌથી વધારે જરૂર છે એ છે સંજ્ઞાવિચાર કરવાની જરૂર. પેઢી દર પેઢી ચોક્કસ સમજ અને શાસ્ત્રીય સમજને દઢ કરવા માટે આવશ્યક એવી સંજ્ઞાઓ સર્જાતી હોય, ખપમાં લેવાતી હોય અને વધારે ને વધારે પરિમાર્જિત કરીને દઢ કરવાનું કામ વિવેચન અને સંશોધનના ક્ષેત્રમાં જરૂરી જ નહીં, અનિવાર્ય પણ હોય છે. બીજો લેખ આ બાબત પર કેન્દ્રિત થયો છે. લૂઝ રૂપે વપરાતી સંજ્ઞાઓ શાસ્ત્રીય ચર્ચાને અકારણ વિસ્તારી અને દિશાહીન બનાવતી હોય છે. ઘણી વાર અર્થના અનર્થ સર્જવામાંય આવી સંજ્ઞાઓ ભાગ ભજવતી હોય છે. કિશોર વ્યાસ કહે છે- 'પારિભાષિક કોશનો સાક્ષરી પરિશ્રમ કરનારા દરેક વિદ્વાને કોશ આરંભે લખેલા નિવેદનમાં સમાન વાત એ જોવા મળશે કે મદદ કરવાનાં વચનો આપનારા હળવે દઈને ખસકી ગયા છે. એને માટેનાં વાજબી કારણો પણ હશે. પણ સઘળી જગ્યાએ પારિભાષિક સંજ્ઞાઓનાં કામ કરનારને 'એકલો જાને રે...'પંક્તિ હોઠ અને હૈયે રાખીને કામ કરવાનું આવ્યું છે. સંજ્ઞા કેવાં કેવાં પરિમાણ દાખવે છે...? અર્થવિવરણ પરથી એના સંકુલ સ્વરૂપનો કંઈક અંદાજ બાંધી શકાય અથવા તો એ કઈ રીતે-ભાતે વિકસિત થતી આવી છે એના વિશે વિભિન્ન વિદ્વાનો કેવા કેવા મત ધરાવે છે એની સતત ચર્ચા ચાલતી રહે એમ આપણે ત્યાં ઝાઝું બની શક્યું નથી.' (પૃ.30)

આ વિભાગમાં 'વિવેચકનું સામાજિક ઉત્તરદાયિત્વ', 'કલા અને બજાર', 'અંતર પર પડેલાં પ્રતિબિંબો'નો રસિક ઉદ્ગાર અને સૂઝભર્યું સંપાદન- જેવા લેખો સમાવ્યા છે. આ લેખોમાં કિશોર વ્યાસની સજ્જતા, સૂક્ષ્મ નિરીક્ષણો, તારણો અને અભિપ્રાયો મળે છે. પ્રમાણમાં સહજ, સરળ અને સ્પષ્ટ રજૂઆત જોઈ શકાય છે. વિવેચક સર્જકના ચિત્ત સાથે તો જોડાવા મથે છે અને એ માધ્યમ બને છે કૃતિ. માત્ર આનંદ જ નહીં, સમાન્તરે એનું સામાજિક દાયિત્વ પણ એમાંથી સ્પષ્ટ રીતે પ્રગટી આવ્યું છે.

બીજા વિભાગમાં સાહિત્યિક પત્રકારત્વને લગતા અભ્યાસલેખો સમાવાયા છે. એમાં ઇન્દુલાલ યાજ્ઞિક અને એમનું પત્રકારત્વ, સામયિકો અને પત્રોને લગતો દીર્ઘ લેખ બહુ ઉપયોગી થાય એવો છે. કનૈયાલાલ મુનશીના સામયિક-પત્રો વિશેનો લેખ અત્યંત સમૃદ્ધ બન્યો છે. હર્ષદ ત્રિવેદીનું સંપાદનકાર્ય એમણે બહુ રસપ્રદ રીતે સમજવાનો પ્રયત્ન કરતો લેખ ખાસ જોવા જેવો છે. ગ્રંથાવલોકનોનું મહત્ત્વ હમેશાં રહ્યું છે. પત્રકારત્વ સાથે ગ્રંથાવલોકનનો સંબંધ છે- તે સિદ્ધ કરતો લેખ અહીં મળ્યો છે.

ત્રીજા ખંડમાં ચાર લેખો છે જેમાં પત્રલેખક રમણભાઈ નીલકંઠને તપાસ્યા છે. એમના પત્રો, એનું વૈવિધ્ય, શૈલી અને એમાં રહેલાં રસસ્થાનોને આલેખતો લેખ સમૃદ્ધિ સાથે રમણભાઈ નીલકંઠના વ્યક્તિત્વને અને એમના સમયને પણ પ્રગટાવે છે. એ જ રીતે કાન્તના પત્રોમાં પ્રગટતા સાક્ષર યુગનું ચિત્ર આપણને મળી રહે છે. કાકાસાહેબે કુસુમ શાહને લખેલા પત્રોમાંથી પ્રગટતી શૈલી, ઉત્તરાવસ્થાનું ચિંતન, સમજ અને હુંફાળું વ્યક્તિત્વ અસરકારક છે. તો એ જ રીતે મેઘાણીનું પત્રસાહિત્ય પણ એમણે બહુ ખંતપૂર્વક તપાસ્યું છે.

આ ગ્રંથના અંત ભાગે એમણે 'અપૂર્ણતા અને અજંપાની વચ્ચે' નામની કેફિયત આપી છે એ ખાસ જોવા જેવી છે. સજ્જ એવા અધ્યાપક, ખંતવાળા સજ્જ ભાવક અને શિસ્તબદ્ધ અભ્યાસની ખેવના કરતાં સાચકલા વ્યક્તિની વાત મળે છે, એમની શૈલી મજાની છે, ખેંચી લેનારી છે. સરેરાશ ભાવકથી ઉપર ઊઠીને સાહિત્યજગતમાં પ્રવેશતાં અને પ્રવેશી ગયેલાં સૌ સજ્જ ભાવકો માટે આ ગ્રંથનું પ્રાગટ્ય લાભકારી તો છે જ, સાથે સમૃદ્ધિ નોંતરનારું પણ છે. જય હો.

(તાત્પર્ય (અભ્યાસ-લેખો) કિશોર વ્યાસ, પ્ર.આ. 2025, પ્રકા. ઝેન ઓપસ, હિંગળાજ માતા કંપાઉન્ડ, જૂની હાઈકોર્ટ મેટ્રો સ્ટેશન પાસે, નવરંગપુરા પોલિસ સ્ટેશન લાઈન, અમદાવાદ-380009, કુલ પાનાં- 205, કિં. 350.00રૂ. કાચું પૂંઠું, ડેમિ)

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## પ્રભુદર્શન પણ પ્રોફેશનલ!

ભારતીય પ્રજા ધર્મનિષ્ઠ પ્રજા છે. સમગ્ર ભારતમાં લગભગ પ્રત્યેક રાજ્યમાં મહત્ત્વના ધર્મસ્થાન બિરાજમાન છે. પ્રજા મોટી સંખ્યામાં પ્રભુદર્શન કરવા નિયમિત જતી પણ હોય છે. વાત શ્રધ્ધની છે. પરંતુ પ્રભુના દર્શન માટે નાણાની માંગણી અનુચિત લાગે. વીઆઈપી દર્શનના નાણા અલગ ચૂકવવાના હોય છે. પ્રભુના દર્શન પણ નાણાકીય લેવડદેવડ દ્વારા પ્રભુને મન રાય શું કે રંક શું? વીઆઈપી દર્શન માટે એક એક ઝાંખીના નાણા ચૂકવો નહી તો ભીઠમા જઈને ધક્કા ખાવ. આ ક્યાંનો ન્યાય. વિકલાંગ વ્યક્તિ કે વ્હીલચેરમાં હોય એમને માટે અલગ વ્યવસ્થા હોય પણ જ્યાં જાવ ત્યાં નાણાની જ બોલબાતા! ભગવાનના દર્શન પણ પ્રોફેશનલ કરી નાંખ્યા આ માનવીએ પ્રભુને આ ગમતુ હશે અને આ રીતે નાણા આપનારા હશે તો જ આ પ્રકારનો વહીવટ ધર્મસ્થાનોમાં થતો હશે ને? નાણાં આપતા ત્યાના કર્મચારીઓના વર્તન પણ ગેરવર્તણૂંક સહિતના હોય છે.

સુરત - નેહા શાહ

## વણમાંગી સોનેરી સલાહ

વણમાંગી સલાહ કોઇને ગમતી નથી તેમજ આપવી પણ નહીં પરંતુ આપત્તિ-વિપત્તિમાંથી બચાવવા ક્યારેક રક્ષક કે પથદર્શક બની શકાય. જિંદગીની છેલ્લી અવસ્થા માણવા (?) વયોસ્કોને મારી વિનંતી છે કે પૈસો અને દવા એ બેજ તમારી છેલ્લી અવસ્થામાં સાચા સાથીદારો બનશે માટે તેમને સાચવવાનું કામ પ્રભુ પ્રાર્થના કરતા ચઢિયાતું ગણાશે. કોઇને સોંપીને તમારા કાંડા કાપી આપશો નહીં. સાવધાન. આ બાબતને નગણ્ય ગણશો નહી. કાચિંડાને રંગ બદલતા વાર નથી લાગતી. 3-4 વૃધ્ધાશ્રમોનો મનૌવૈજ્ઞાનિક અભ્યાસ કરીને લખી શકું છું કે આ જમાનામાં મોટા ભાગના પુત્રોને મા-બાપ બોજારૂપ લાગતા હોવાથી તેમને સમજાવી પટાવીને સહી સિક્કા કરાવી લીધા બાદ કોઇ વૃધ્ધાશ્રમમાં દરમહિને ચાર-પાંચ હજાર ભરીને છોડી મૂકવામાં આવે છે. મા-બાપ જીવતા હોય ત્યારે ચૂપ કરે અને એમના મર્યા બાદ ફોટાને ધૂપ કરે. ઘર મોટા હોય તેથી કોઇ સાથે નથી રહેવાતું પરંતુ મન મોટા હોય ત્યાં સાથે રહી શકાય છે. અંતે સો વાતની એક જ ખુમારીપૂર્વક જીવીને વાપરજો. આપણે પણ મરતાં મરતાં જીવવાને બદલે જીવીને મરીએ તો?!

પાલ-ભાઠા - રમેશ એમ. મોદી

## કામ પતાવવું

આપણે વારંવાર સાંભળીને છીએ. કામ પતાવી દીધું. આજના ફાસ્ટ રહેણીકરણીવાળા સમયમાં આપણા દરેક કામો પતાવવા પૂરતા જ થતા હોય એવુ લાગે છે કોઇ કામમા આત્મા હોતો જ નથી.

સવારે ઉઠ્યા કે બ્રશ પતાવ્યું, સ્નાન પતાવ્યું અરે દેવદર્શન પણ પતાવી જ દેવામાં આવે છે. જમવાનું તો કે આટલા વાગ્યા છે. એટલે જમવાનું પતાવી દઈએ. આવું જ પ્રસંગોમાં હાજરી આપવા માટે પણ સાંભળીએ છીએ. લગ્ન હોય કે મરણ. બસ જઇ આવ્યા એટલે કે પતાવી આવ્યા. આ પતાવવું અને મન દઈએ કે રસપૂર્વક કરવું એમાં બહુ મોટો આરામાન જમીનનો ફરક છે. કોઇ કામમાં રૂચી ના હોય. પરાણે પરવુ પડતુ હોય અથવા સંબંધને ખાતર કે લોકબાજે કરવુ પડતુ હોય તો એ પતાવેલું જ કામ થઈ જાત. તેની પાછળ ન કશો ભાવ હોય કે ના સંતોષ.

આની અસર બહુધા આપણા મન ઉપર પડે જ છે મન નબળુ પડે છે. મનથી નિર્ણયો લેવામાં મુશ્કેલી અનુભવાય છે. જે મન જન્મોજન્મ આપણી સાથે જ આવવાનું છે (પુર્નઃ જન્મના સિધ્ધાંત મુજબ) તેના ઉર્ધ્વગામી ઉત્કર્ષમાં બાધાઓ-મુશ્કેલીઓ આવે છે.

જાગ્યા ત્યાંથી સવાર એ ઉકિતને સ્વીકારીને આપણે આ પતાવવુંવાળા ખ્યાલને તિલાંજલિ આપી રસપૂર્વક કામને આટોપવા મનને કેળવીશું. તો આપણને તથા સમાજને બહુ મોટો લાભ થશે એમાં શંકા નહી.

સુરત -પ્રફુલ એમ. કંસારા

## બાપુના મંદિરનો મેળો

પવિત્ર હોળીના પાવન પર્વ દરમિયાન ફાગણ સુદ તેરસના દિવસે મહુવા ખાતે આવેલા વાંસકુઇ ગામના ગોળીગઢ બાપુના મંદિરે સુંદર મેળાનુ આયોજન થાય છે. અહીં આ મેળામાં લોકો દૂર દૂરથી દર વર્ષે નિયમિત હોંસે હોંસે આવે છે. એમાં ઉમંગ ઉત્સાહથી ભાગ લઈ છે. સૌથી પહેલા ભોળા ભક્તો મંદિરમાં દર્શન કરી બાધામાથી મુક્ત થાય છે. કેટલાક દુઃખી ભક્તો બાધા લે છે. કહેવાય છે કે માનવીના શરીરમાં કોઇ અંગમાં ગોળી જેવું દેખાય, ગાંઠનો અનુભવ થાય. રસોલીન થાય અથછા ફોલ્લા થાય એટલે લોકો આ મંદિરની બાધા લઈ છે. બાધા રાખવાથી આવી બધી પિડામાંથી થોડાક સમય પછી તેઓ એમાંથી મુક્ત થાય છે. આ એક સનાતન સત્ય છે. એવું શ્રધ્ધાળુ ભક્તો દીલથી માને છે.

બાધામાથી મુક્ત થનાર ભક્ત કોઈપણ ધાતુની ગોળી આ મંદિરમાં બાપુના ચરણ સ્પર્શ કરી ચઢાવે છે એ સાથે સારી એવી રોકડઠ રકમની ભેટ પણ ચઢાવે છે. પછી ખુશ થઈને પ્રસાદી લઈને વિદાય લઈ છે. પહેલા આ મંદિરનો રસ્તો કાચો હોવાથી બહુ કષ્ટ ઉઠાવવું પડતુ હતુ. હવે આ મંદિરનો કાચા કલ્પ થઇ ગયો છે. રસ્તો હવે પાડો બની જવાથી બસ મંદિરના દ્વાર સુધી પહોંચી જાય છે. સુરતથી લોકો બસમાં આવે છે. કેટલાક સુખી સપન્ન પરિવારના લોકો ઘરાની ગાડીમાં આવે છે. ગોળીગઢ બાપુના દર્શન કરી ધન્ય થઈને વિદાય લે છે. ઘરતરફ વિદાય લેતી વખતે ભક્તો દીલથી બાપુનો જયજયકાર કરી હસતા હસતા ઘર તરફ જાય છે.

સુરત -જગદીશ પાનવાલા,

## ચર્ચાના કેન્દ્રમાં ચુકાદો, વિશ્વાસ અને પારદર્શિતાનો પ્રશ્ન

દિલ્લીના પૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના સંયોજક ને કથિત દારૂ નીતિ સંબંધિત ભ્રષ્ટાચાર કેસમાં Rouse Avenue Court દ્વારા તમામ આરોપોમાંથી નિર્દોષ જાહેર કરવામાં આવ્યા છે. અદાલતના આ નિર્ણય બાદ મીડિયાના સમક્ષ તેમની ભાવુક પ્રતિક્રિયાએ સમગ્ર ઘટનાને વધુ માનવીય પરિપ્રેક્ષ્ય આપ્યો છે.

આ ઘટના અમુક મહત્વપૂર્ણ મુદ્દાઓ પર સમાજને વિચારવા પ્રેરિત કરે છે.

પ્રથમ, લોકશાહી વ્યવસ્થામાં ન્યાયપાલિકા સર્વોચ્ચ સંસ્થા છે અને તેનું નિર્ણય માન્ય અને માનનીય હોય છે. આરોપ સાબિત ન થાય ત્યાં સુધી કોઈપણ વ્યક્તિને દોષિત ગણવું યોગ્ય નથી. અદાલતનો આ નિર્ણય ન્યાય પ્રણાલી પર વિશ્વાસને વધુ મજબૂત બનાવે છે.

બીજું, મીડિયાની ભૂમિકા અત્યંત જવાબદારીપૂર્ણ છે. સંવેદનશીલ મુદ્દાઓમાં તથ્યઆધારિત અને સંતુલિત રજૂઆત સમાજમાં વિશ્વાસ જાળવવા માટે આવશ્યક છે. ભાવનાત્મક પ્રતિક્રિયાઓ સ્વાભાવિક હોઈ શકે, પરંતુ જાહેર ચર્ચા હંમેશા કાનૂની મર્યાદા અને તથ્યોના આધાર પર જ થવી જોઈએ.

ત્રીજું, નાગરિક તરીકે આપણે સમજી લેવું જોઈએ કે કાનૂની પ્રક્રિયા લાંબી અને જટિલ હોઈ શકે છે. કોઈપણ તપાસ અથવા આરોપને અંતિમ સત્ય માની લેવું યોગ્ય નથી. લોકશાહીમાં પારદર્શિતા, જવાબદારી અને ધીરજ ,ત્રણેય સમાન મહત્વ ધરાવે છે.

આવો સમય રાજકીય મતભેદોથી ઉપર ઊઠીને સંસ્થાઓ પર વિશ્વાસ જાળવવાનો છે. ન્યાયિક નિર્ણયનો માન, સંયમિત ભાષા અને તથ્યઆધારિત ચર્ચા જ એક સ્વસ્થ લોકશાહીની સાચી ઓળખ છે.

સુરત - આશિષ ટેલર

## બોર્ડની પરીક્ષા અને તહેવારો

હાલ બોર્ડની પરીક્ષા ચાલી રહી છે અને આ દરમિયાન હોળીનો તહેવાર પણ આવી રહ્યો છે જેને લીધે ભક્તો રસિયા કરાવે અને તે રસિયા ફક્ત તે ભક્ત પૂરતા નથી હોતા પરંતુ તેઓ મોટા લાઉડ સ્પીકર પર ભજન કીર્તન કરે છે જેને લીધે બોર્ડ માં ભણતા વિદ્યાર્થીઓને ઘણી તકલીફ પડે છે, થોડા સમય પહેલા અગિયારસ હતી અને દર્શન કરવા જવા માટે લોકો મોટી મોટી રેલી કાઢી ને અને લાઉડ સ્પીકર પર ભજનો વગાડી ને નાચતા ગાતા દર્શન કરવા જતા હતા અને તે ફક્ત એક જ રેલી હતી એવું નહીં પરંતુ થોડા થોડા અંતરે આવી મોટી મોટી રેલીઓ જોવા મળી. આ રેલીઓ ને લીધે બોર્ડમાં ભણતા વિદ્યાર્થીઓનું ધ્યાન ભટકાય અને તેઓ વ્યવસ્થિત રીતે અભ્યાસ ન કરી શકે તો તેની જવાબદારી કોની?

ભગવાન તો એવું કહેતો જ નથી કે મારા દર્શન કરવા માટે આવો ત્યારે બીજાને તકલીફમાં મૂકીને આવો, તો શા માટે વિદ્યાર્થીને તકલીફમાં મૂકવામાં આવે છે?

સુરત -નિશી કલ્પેશ ગાંધી